નવી સેવા વર્ષ : ૨૦૨૩-૨૦૨૪

આંગણવાડી કેન્દ્રોનું મેઈનટેનન્સ અને રિનોવેશન

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2023/0166/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ના પત્ર ક્ર: ICDS/BJT/e-file/257/2023/0117/Infrastructure dt. 25/01/2023

**આમુખ:**

હાલમાં રાજ્યમાં ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, જેમાંથી ૪૨૪૨૧ પોતાની મકાનમાં કાર્યરત છે, ૭૦૯૭ ભાડાની જગ્યામાં કાર્યરત છે અને ૩૫૧૧ અન્ય સરકારી મકાનમાં કાર્યરત છે. ૪૨૪૨૧ પોતાના મકાનમાંથી ૪૬૨૨ આંગણવાડી કેન્દ્રો જર્જરિત તરીકે પ્રમાણિત છે જ્યારે ૨૮૩૦ આંગણવાડી કેન્દ્રોને જિલ્લા સ્તરે કન્વર્જન્સ અને વિવિધ યોજનાઓ દ્વારા પુનઃનિર્માણ માટે લેવામાં આવ્યા છે. જો કે ૧૭૯૨ ના પુનઃનિર્માણ માટેના આયોજનની હજુ રાહ જોવાઈ રહી છે.

ઠરાવ-:

રાજ્યમાં પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રો પૈકી જે કેંદ્રો જર્જરીત થવાને આરે છે તેને મેઇનટેનન્સ અને રિનોવેશન થકી આંગણવાડી કેંદ્રના મકાનને જર્જરીત બનતુ અટકાવી શકાય તેમ હોય તે માટે આંગણવાડી કેંદ્રમાં મુખ્ય સિવિલ વર્ક, રીકલરીંગ અને અપગ્રેડેશનની કામગીરી માટે પ્રતિ કેન્દ્ર દીઠ રૂ.૨.૦૦ લાખ/- મુજબ પોતાના મકાન ધરાવતા પરિશિષ્ટ-૧માં સામેલ કુલ ૨૫૦૦ કેન્દ્રો માટે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે આંગણવાડી કેંદ્રોના મેઈનટેનન્સ અને રિનોવેશન માટેની વહીવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે જે માટે કુલ રૂ.૫૦૦૦.૦૦/- લાખની બજેટ જોગવાઇ માટે નીચેની વિગતે આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:

૧. બાંધકામને અનુરૂપ માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં (નોર્મ્સ અનુસાર) કરકસરપૂર્વક વિભાગ કક્ષાએથી વિગતવાર ચકાસણી કરીને ફર્નિચર ખરીદવાનુ રહેશે.

૨. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

૩. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૪. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

૫. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૭. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૦. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

૧૨. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની તકેદારી રાખવાની રહેશે.

૧૩. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

૧૪. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૧૬. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૭. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

૧૮. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૧૯. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

૨૦. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨૧. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૨૨. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૨૩. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૨૪.યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૫. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નંબર : ૧૦૬

મુખ્ય સદર : ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર : (૦૨) પોષણ ખાધ અને પીણાંની વહેંચણી

ગૌણ સદર : ૧૦૧ અન્ય ખર્ચ

પેટા સદર : ૧૯ એનટીઆર-૧૨ સંકલિત બાળ વિકાસ યોજનાનું સશક્તિકરણ (૧૦૦% રાજ્ય ફાળો)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૮/૦૮/૨૦૨૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.08.21
15:28:37 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(જે. આઈ. લેઉવા)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

**બિડાણ:** પરિશિષ્ટ-૧

પ્રતિ,

૧. માન. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૮. નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૯. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૦. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૧. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................

૧૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ......................

૧૩. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૫. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૬. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ.........................

૧૭. શાખા સિલેક્ટ ફાઈલ.

**પરિશિષ્ટ-૧**

| રિનોવેશન કરવા પાત્ર આંગણવાડી કેંદ્રોની સંખ્યા | | |
|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | રિનોવેશન કરવા પાત્ર આંગણવાડી કેંદ્રની વિગતો |
| ૧ | છોટાઉદેપુર | ૬૭ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૧૦૧ |
| ૩ | ગાંધીનગર | ૨૯ |
| ૪ | નર્મદા | ૧૮૩ |

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.08.21
15:28:37 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | |
|---|---|---|
| ૫ | નવસારી | ૪૪ |
| ૬ | પંચમહાલ | ૬૬ |
| ૭ | વડોદરા | ૧૧૬ |
| ૮ | ખેડા | ૧૯૦ |
| ૯ | તાપી | ૮૩ |
| ૧૦ | રાજકોટ કોર્પોરેશન | ૧૦૪ |
| ૧૧ | રાજકોટ | ૩૯ |
| ૧૨ | અમરેલી | ૪૫ |
| ૧૩ | અરવલ્લી | ૨૦ |
| ૧૪ | ડાંગ | ૧ |
| ૧૫ | જામનગર કોર્પોરેશન | ૧ |
| ૧૬ | જામનગર | ૫૨ |
| ૧૭ | જુનાગઢ | ૯ |
| ૧૮ | કચ્છ | ૧૨૨ |
| ૧૯ | મહેસાણા | ૨૯ |
| ૨૦ | ભરૂચ | ૨૩ |
| ૨૧ | બોટાદ | ૨૨ |
| ૨૨ | ભાવનગર કોર્પોરેશન | ૦ |
| ૨૩ | સુરત | ૭૭ |
| ૨૪ | સાબરકાંઠા | ૨૩ |
| ૨૫ | મહિસાગર | ૦ |
| ૨૬ | મોરબી | ૬૧ |
| ૨૭ | ગીર સોમનાથ | ૧૩૩ |
| ૨૮ | જુનાગઢ કોર્પોરેશન | ૦ |
| ૨૯ | બનાસકાંઠા | ૧૨૪ |
| ૩૦ | સુરત અર્બન | ૧૮ |
| ૩૧ | અમદાવાદ કોર્પોરેશન | ૨૧૬ |
| ૩૨ | સુરેન્દ્રનગર | ૨૦ |
| ૩૩ | અમદાવાદ ગ્રામ્ય | ૩૫ |
| ૩૪ | દાહોદ | ૨૨ |
| ૩૫ | પોરબંદર | ૫૮ |
| ૩૬ | ભાવનગર | ૮૩ |
| ૩૭ | વલસાડ | ૨૮૪ |
| | કુલ | ૨૫૦૦ |

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.08.21
15:28:37 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*